GJLV060011722020

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૩૦/૦૯/૨૦૨૦ | | |
| દાખલ તારીખ | :: | ૩૦/૦૯/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ | : | ૦૩/૦૭/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૫ | ૦૯ | ૦૩ |

**:: ફોર્મ–એ ::**

| |
|---|
| **એડીશનલ સીનીયર સીવીલ જજ અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી બી.એન.દવે)સાહેબની કોર્ટમાં, મુ.બાલાસિનોર.** |
| **ક્રિમિનલ કેસ નંબર : ૧૦૦૩/૨૦૨૦** |
| **બાલાસિનોર પો.સ્ટે. ગુ.ર.નં.૦૦૦૭૩/૨૦૨૦** |
| **આંક –** |

| | |
|---|---|
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી કે.એમ.રાણા |
| આરોપી પક્ષ | નટવરભાઈ સાલમભાઈ પરમાર,<br>રહે. નરસાણા, તા.શહેરા, જી.પંચમહાલ |
| રજૂઆત | વિ.વ.શ્રી એસ.કે.મહેરા |

**:: ફોર્મ–બી ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧૩/૦૨/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | તા.૧૩/૦૨/૨૦૨૦ |
| આખરી અહેવાલની તારીખ | તા.૩૦/૦૯/૨૦૨૦ |
| પ્લીની તારીખ | તા.૦૨/૦૮/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૦/૦૪/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખ્યાની તારીખ | તા.૦૭/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૦૩/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| | |
|---|---|
| આરોપીનો અનુક્રમ નંબર | ૧. |
| આરોપીનું નામ | નટવરભાઈ સાલમભાઈ પરમાર |
| ધરપકડની તારીખ | તા.૧૩/૦૨/૨૦૨૦ |
| જામીન મુક્તિની તારીખ | તા.– |
| તહોમત | ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ |
| શું નિર્દોષ છોડયો/સજા કરી | નિર્દોષ છોડયો |
| કરવામાં આવેલ સજા | લાગુ પડતુ નથી |
| સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં.ની કલમ–૪૨૮ મુજબ | લાગુ પડતુ નથી |

# – : <u>ચુકાદો</u> : –

(૧) આરોપી વિરૂધ્ધ ઈન્ડીયન પિનલ કોડ–૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં વિગત એવી છે કે, આરોપીએ તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ કલાક ૧૬:૪૫ વાગ્યે મોજે લીમડી સ્ટેશન નજીક રોડ ઉપર પોતાની ઈકો ગાડી નંબર જી.જે. ૧૭ બી.એચ. ૦૪૦૭ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના સાહેદ મરણ જનારની સી.એન.જી. ઓટો રીક્ષા નંબર જી.જે. ૦૬ એ. ડબલ્યુ. ૧૧૯૫ ને ટકકર મારી સાહેદ નરેન્દ્રસિંહનાઓને શરીરે ગંભીર ઈજા કરી સ્થળ ઉપર મોત નીપજાવી તેમજ રીક્ષામાં બેઠેલા સાહેદોને સામાન્ય

ઈજા કરી પોતાની ઈકો ગાડી મુકી નાસી જઈ, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ બાલાસિનોર પો.સ્ટે. ગુ.ર.નં.૦૦૦૭૩/૨૦૨૦ જાહેર કરેલ છે અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામનાં આરોપી સામે આંક–૧ વાળા ચાર્જશીટ પરથી ગુનાનું સંજ્ઞાન લઈ સમન્સ કરવામાં આવેલ જે તેઓને ધોરણસર બજી જતાં કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિના મૂલ્યે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ મળી ગયાની ખાત્રી કર્યા બાદ અત્રેની કોર્ટ ધ્વારા આંક–૦૩ થી સદરહુ ગુના અન્વયે આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો ના–કબુલ કરતાં ફરિયાદપક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

**::ફોર્મ–સી::**

**ફરિયાદપક્ષના સાક્ષીનું લિસ્ટ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | ૦૮ | દશરથસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ | ફરીયાદી |
| ફ.સા.૨ | ૧૦ | ભાવનાબેન નરેન્દ્રસિંહ ચૌહાણ | સાહેદ |
| ફ.સા.૩ | ૧૨ | કાંન્તીભાઈ મગનભાઈ બારીયા | સાહેદ |
| ફ.સા.૪ | ૧૩ | સંગીતાબેન જશુભાઈ બારીયા | સાહેદ |
| ફ.સા.૫ | ૧૪ | શાંતાબેન હીરાભાઈ બારીયા | સાહેદ |
| ફ.સા.૬ | ૧૮ | કાળીદાસ રઘાભાઈ પ્રજાપતિ | પંચ સાહેદ |
| ફ.સા.૭ | ૨૨ | વિપુલસિંહ લક્ષ્મણ સિંહ ચાવડા | પંચ સાહેદ |
| ફ.સા.૮ | ૩૦ | જગતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ | સાહેદ |
| ફ.સા.૯ | ૩૪ | મિત્તલ કિરીટભાઈ પટેલ | ત.ક.અમલદાર |

**ફરિયાદીપક્ષના દસ્તાવેજી પુરાવા વાળા આંકનું લિસ્ટ–**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૦૯ | ફરીયાદ |
| ૨. | આંક–૧૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩. | આંક–૩૧ | મરણોત્તર પંચનામુ |
| ૪. | આંક–૩૨ | શબ પરીક્ષણ રીપોર્ટ |
| ૫. | આંક–૩૩ | સાહેદ કાંતિભાઈનુ મેડીકલો લીગલ સર્ટીફીકેટ |
| ૬. | આંક–૩૫ | સુચીપત્ર |
| ૭. | આંક–૩૬ | વાહનની યાંત્રીક તપાસણી કરવા સારુ આર.ટી.એ. કચેરી લુણાવાડાને યાદી કરેલ |
| ૮. | આંક–૩૭ | એકસીડેન્ટ રીપોર્ટ |
| ૯. | આંક–૩૮ | કે.એમ.જી. હોસ્પિટલ બાલાસિનોર તરફથી પી.એસ.ઓ.ને ટેલીફોન વર્ધી લખાવેલ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનુ જાહેર કરવામા આવેલ. વધુમાં આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો નકારમાં જવાબ આપી વિશેષમાં અમો નિર્દોષ છીએ છોડી મુકવા જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ કલાક ૧૬:૪૫ વાગ્યે મોજે લીમડી સ્ટેશન નજીક રોડ ઉપર પોતાની ઈકો ગાડી નંબર જી.જે. ૧૭ બી.એચ. ૦૪૦૭ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના સાહેદ મરણ જનારની સી.એન.જી. ઓટો રીક્ષા નંબર જી.જે. ૦૬ એ.

ડબલ્યુ. ૧૧૯૫ ને ટકકર મારી સાહેદ નરેન્દ્રસિંહ નાઓને શરીરે ગંભીર ઈજા કરી સ્થળ ઉપર મોત નીપજાવી તેમજ રીક્ષામાં બેઠેલા સાહેદોને સામાન્ય ઈજા કરી પોતાની ઈકો ગાડી મુકી નાસી જઈ, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.ર છેવટે શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના નીર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

## – : નિર્ણય માટેનાં કા ર ણો : –

**મુદ્દા નં.૧ અને ર :–**

(૭) ઉપરોક્ત મુદ્ધા સબંધીત ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધીનીયમ ૧૮૭૨ ની ત્રીજી આવૃતીના પાન નં ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની દ્વારા કરવામાં આવેલ છે. જે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોર્ય જે નીચે મુજબ ટાંકેલ છે.

""પુરાવાનુ મૂલ્યાંકન"" શબ્દનો પ્રયોગ કયાંય વ્યાખ્યાબદ્ઘ કરવામાં આવ્યો નથી એ માટે કોઈ પણ કાનૂન સમપ્રીત નિયમો નથી. કારણ કે પુરાવાનુ મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધીનીયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનીયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં

આવે છે. કારણ કે સાબીત તથા ના સાબીત શબ્દો વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યા છે. કોઇ હકીકતનું અસ્તીત્વ કે અનઅસ્તીત્વ સાબીત માનવુ તે મુલ્યાંકનનો ભાગ છે.

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ હોય તો આરોપીના ગુનાહીત કૃત્યો બદલ તેમને કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબીત કે નાસાબીત થયેલાની પ્રક્રીયા એ પુરાવાનુ મુલ્યાંકનનો ભાગ છે.

(૮) સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપી સામે એવો આક્ષેપ છે કે, આરોપીએ તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ કલાક ૧૬:૪૫ વાગ્યે મોજે લીમડી સ ટેશન નજીક રોડ ઉપર પોતાની ઈકો ગાડી નંબર જી.જે. ૧૭ બી.એચ. ૦૪૦૭ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના સાહેદ મરણ જનારની સી.એન.જી. ઓટો રીક્ષા નંબર જી.જે. ૦૬ એ. ડબલ્યુ. ૧૧૯૫ ને ટકકર મારી સાહેદ નરેન્દ્રસિંહનાઓને શરીરે ગંભીર ઈજા કરી સ્થળ ઉપર મોત નીપજાવી તેમજ રીક્ષામાં બેઠેલા સાહેદોને સામાન્ય ઈજા કરી પોતાની ઈકો ગાડી મુકી નાસી જઈ, ઈ.પી.કોડની કલમ-૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

(૯) આ કામે આંક-૦૮ થી ફરીયાદી દશરથસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ગુજરનાર નરેન્દ્રસીંહ રાજેન્દ્રસીંહ તેમના મોટા ભાઈ થતા હતા. નરેન્દ્રસિંહ પાસે એક સી.એન.જી. રીક્ષા નં.જીજે.૦૬.એડબલ્યુ.૧૧૯૫ ની હતી. સદર રીક્ષા

નરેન્દ્રસિંહ વર્ધીમા ફેરવતા હતા. અકસ્માતવાળો બનાવ તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ લીમડી ગામે રોડ ઉપર સાંજના ચારથી સવા ચાર વાગે બનેલો. બનાવના રોજ નરેન્દ્રસીંહ ઘરેથી બાલાશીનોર પોતાની રીક્ષાનો હપ્તો ભરવા માટે નીકળેલા અને લીમડી ગામ નજીક પોતાની સી.એન.જી. રીક્ષાને એક ઈકો ગાડી વાળાએ સામેથી રીક્ષાને ટકકર મારી અકસ્માત કરેલો આ અકસ્માતમા નરેન્દ્રસીંહનાઓને છાતીમા તથા શરીરે ગંભીર પ્રકાર ની ઈજાઓ થયેલી અને નરેન્દ્રીસંહ સ્થળ ઉપર જ મરણ ગયેલા અને રીક્ષામા બેઠેલ બીજા બે એક પેસેન્જરને પણ નાની મોટી ઈજાઓ થયેલી તેવુ તેઓને ટેલીફોનથી જાણ થયેલી બનાવ સમયે તેઓ તેમના ઘરે કડાછલા ગામે હતા. બનાવની જાણ થતા તેઓ તથા તેમના પીતા તથા સગા સંબધીઓ બનાવ વાળી જગ્યાએ ગયેલા અને જોયેલ તો તેમના ભાઈ સ્થળ ઉપર મરણ ગયેલ હતા નરેન્દ્રભાઈની રીક્ષાને નુકશાન થયેલ હતુ અને નજીકમાં એક ઈકો ગાડી નંબર.જીજ.૧ ૭.બીએચ.૦૪૦૭ ની પડેલ હતી. તેમના ભાઈને લાશને બાલાશીનોર સરકારી દવાખાને પી.એમ. માટે મોકલી તેઓ અકસ્માત કરનાર ઈકો ગાડીના ચાલક સામે બાલાશીનોર પો.સ્ટે.મા ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામા આવે છે જેમાં તેમની સહી જોયેથી ઓળખી બતાવતા હોય ફરીયાદને રજુ દાખલ આંક-૦૯ આપવામા આવેલ છે. તેઓને અકસ્માત કરનાર ઈકો ગાડીમાં ચાલકનુ પાછળથી જાણેલ તો નટવરભાઈ હતુ.

જયારે આ ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવની જાણ તેઓને ટેલીફોનીક થયેલ હતી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવ વાળી જગ્યાનો રસ્તો ઘણા બધા વાહનોની અવર ઝવર થાય છે અને ત્યા ઘણા બધા રોડની બાજુમા મકાનો આવેલા છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,લીમડી ગામ આવતા અને વિરપુર સાઈડ જતા મોટો વળાંક આવેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવ

સમયે રોડનુ  કામ ચાલુ હતુ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,તેમના ભાઈની રીક્ષા કડછલાથી બાલાશીનોર અને બાલાશીનોરથી કડછલા પેસેન્જરમા ફરતી હતી.વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમના ભાઈની રીક્ષા પેસેન્જરમા ફરતા હોય પીક અપ સ્ટેન્ડ ઉપર પેસેન્જર ઉતારતા અને નવા પેસેન્જર લેતા હતા.વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવની ફરીયાદ તેઓએ બનાવના દિવસે જ આપી હતી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,ફરીયાદ સમયે આરોપી મળી આવેલ ન હતો. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ બનાવ નજરે નજર જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવની તેઓને વાતો વાતોથી જાણ થતા તેઓએ ફરીયાદ આપેલી.

(૧૦) ત્યારબાદ આ કામે આંક–૧૦ થી સાહેદ ભાવનાબેન નરેન્દ્રસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ગુજરનાર નરેન્દ્રસીંહ રાજેન્દ્રસીંહ તેમના પતી થતા હતા. તેમના પતિ પાસે એક સી.એન.જી.રીક્ષા નં.જીજે.૦૬.એડબલ્યુ.૧૧૯૫ ની હતી. સદર રીક્ષા તેમના પતિ વર્ધીમા ફેરવતા હતા. અકસ્માતવાળો બનાવ તા.૧ ૩/૦૨/૨૦૨૦ ના રોજ લીમડી ગામે રોડ ઉપર સાંજના ચારથી સવા ચાર વાગે બનેલો. બનાવના રોજ તેમના પતી  ઘરેથી બાલાશીનોર પોતાની રીક્ષાનો હ પ્તો ભરવા માટે નીકળેલા અને લીમડી ગામ નજીક પોતાની સી.એન.જી. રીક્ષાને એક ઈકો ગાડી વાળાએ સામેથી રીક્ષાને ટકકર મારી અકસ્માત કરેલો આ અકસ્માતમા તેમના પતીને છાતીમા તથા શરીરે ગંભીર પ્રકાર ની ઈજાઓ થયેલી અને તેમના પતિ સ્થળ ઉપર જ મરણ ગયેલા અને રીક્ષામા બેઠેલ બીજા બે એક પેસેન્જરને પણ નાની મોટી ઈજાઓ થયેલી તેવુ તેમના દિયર દશરથસીંહને ટેલીફોનથી જાણ થયેલી. બનાવ સમયે તેઓ તેમના ઘરે કડાછલા ગામે હતા. બનાવની જાણ થતા તેમના દિયર તથા તેમના સસરા તથા સગા સંબધીઓ બનાવ વાળી જગ્યાએ ગયેલા અને જોયેલ તો તેમના પતીનુ  સ્થળ

ઉપર મરણ ગયેલ હતા તેમના પતિની રીક્ષાને નુકશાન થયેલ હતુ અને નજીકમાં એક ઈકો ગાડી નંબર જીજ.૧૭.બીએચ.૦૪૦૭ ની પડેલ હતી. તેમના પતીની લાશને બાલાશીનોર સરકારી દવાખાને પી.એમ.માટે મોકલી તેમના દિયરે અકસ્માત કરનાર ઈકો ગાડીના ચાલક સામે બાલાશીનોર પો.સ્ટેમા ફરીયાદ આપેલી. તેઓએ અકસ્માત કરનાર ઈકો ગાડીના ચાલકનુ પાછળથી જાણેલ તો નટવરભાઈ હતુ. બનાવ સંબધે પોલીસે તેમનો જવાબ લીધેલો.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવની જાણ તેઓને ટેલીફોનીક થયેલ હતી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વાળી જગ્યાનો રસ્તો ઘણા બધા વાહનોની અવર જવર થાય છે અને ત્યા ઘણા બધા રોડની બાજુમા મકાનો આવેલા છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, લીમડી ગામ આવતા અને વિરપુર સાઈડ જતા મોટો વળાંક આવેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ સમયે રોડનુ કામ ચાલુ હતુ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમના પતીની રીક્ષા કડછલાથી બાલાશીનોર અને બાલાશીનોરથી કડછલા પેસેન્જરમા ફરતી હતી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમના પતીની રીક્ષા પેસેન્જરમા ફરતી હોય પીક અપ સ્ટેન્ડ ઉપર પેસેન્જર ઉતારતા અને નવા પેસેન્જર લેતા હતા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવની ફરીયાદ તેમના દિયરે બનાવના દિવસેજ આપી હતી. એ વાતની તેઓને ખબર નથી કે ફરીયાદ સમયે આરોપી મળી આવેલ હતો કે કેમ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ નજરે નજર જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીનુ નામ તેઓએ વાતો વાતોથી જાણેલ.

(૧૧) ત્યારબાદ આ કામે આંક-૧૨ થી ઈજા પામનાર સાહેદ કાન્તીભાઈ મગનભાઈ બારીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદ વાળો બનાવ ફેબ્રુઆરી ૨૦૨૦ માં દેવ ચોકડી

થી આગળ લીમડી પુલ પહેલા બપોરે આશરે ચાર એક વાગે બનેલો. બનાવના રોજ તેઓ તથા તેમની સાથે શાંતાબેન તથા સંગીતાબેન કડાછલા બસ સ્ટેશનથી બાલાસિનોરથી આવવા માટે તેમના ગામના નરેન્દ્રસિંહની રીક્ષામાં બેસી બાલાસિનોર આવતા હતા અને આ રીક્ષા નરેન્દ્રસિંહ ચલાવતા હતા તે દરમ્યાન લીમડી પાટીયા નજીક એક ઈકો ગાડી સામેથી આવી તેઓ બેઠેલા તે રીક્ષાને ટકકર મારી અકસ્માત કરેલો આ અકસ્માતમાં તેઓને હાથમાં ફ્રેકચર થયેલુ અને તેમનો પગ ભાગી ગયેલો અને તેમના મોંઢા ઉપર ઈજા થયેલ તથા તેમની સાથે બેસેલ શાંતાબેન અને સંગીતાબેનને પણ શરીરે ઈજાઓ થયેલી અને રીક્ષાના ચાલક નરેન્દ્રસિંહને શરીરે ગંભીર ઈજાઓ થતાં નરેન્દ્રસિંહ સ્થળ ઉપર મરણ ગયેલા. તેઓને ઈજાઓ થયેલ હોય તેઓ, સંગીતાબેન તથા શાંતાબેન ૧ ૦૮ ગાડીમાં બેસી બાલાસિનોર કે.એમ.જી. હોસ્પીટલમાં સારવાર માટે ગયેલા. તેઓ કે.એમ.જી. હોસ્પીટલમાં સારવાર કરાવેલી અને વધુ સારવાર મોડાસા રાકેશ શાહના દવાખાનામાં કરાવેલી જયાં તેમના હાથ અને પગનુ ઓપરેશન કરેલુ. તેઓ બેઠેલા તે સી.એન.જી. રીક્ષાનો નં.જીજે.૦૬.એડબલ્યુ.૧૧૯૫ નો હતો અને ઈકો ગાડી નજીકમાં પડેલ હતી તેનો નંબર જોયેલો તો તે જીજે ૧૭. બીએચ. ૦૪૦૭ નો હતો. અકસ્માત બાબતે ફરીયાદ થતાં પોલીસે તેમનો જવાબ લીધેલો. અકસ્માત કરનાર ઈકો ગાડીનો ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી કે તેઓએ પાછળથી પણ જાણેલ નહી.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ વાહનનો નંબર જાણતા નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત વખતે તેમની રીક્ષામાં પાંચ થી છ માણસો બેસેલ હતા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત વાળી રીક્ષામાં બેસેલ પેસેન્જરોને અલગ અલગ ગામે ઉતારતા ઉતારતા બાલાસિનોર આવે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વાળી જગ્યાનો રસ્તો ઘણા બધા વાહનોની અવર જવર થાય

છે અને ત્યા ઘણા બધા રોડની બાજુમા મકાનો આવેલા છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, લીમડી ગામ આવતા અને વિરપુર સાઈડ જતા મોટો વળાંક આવેલ છે. અકસ્માત વખતે ઈકો ગાડી કોણ ચલાવતુ હતુ તે તેઓને ખબર નથી કે તેઓએ જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત સમયે અચાનક ધડાકો થતાં તેઓ બેભાન થઈ ગયેલ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, વાહન ડ્રાઈવર ચલાવતા હોય કોની ભુલના કારણે અને કેવી રીતે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૨) ત્યારબાદ આ કામે આંક–૧૩ થી સાહેદ સંગીતાબેન જશુભાઈ બારીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદવાળો બનાવ ફેબ્રુઆરી ૨૦૨૦ માં દેવ ચોકડીથી આગળ લીમડી પુલ પહેલા બપોરે આશરે ચાર એક વાગે બનેલો. બનાવના રોજ તેઓ તથા તેમની સાથે કાંન્તીભાઈ તથા શાંતાબેન કડાછલા બસ સ્ટેશનથી બાલાસિનોર થી આવવા માટે તેમના ગામના નરેન્દ્રસિંહની રીક્ષામાં બેસી બાલાસિનોર આવતા હતા અને આ રીક્ષા નરેન્દ્રસિંહ ચલાવતા હતા તે દરમ્યાન લીમડી પાટીયા નજીક એક ઈકો ગાડી સામેથી આવી તેઓ બેઠેલા તે રીક્ષાને ટકકર મારી અકસ્માત કરેલો આ અકસ્માતમાં તેઓને જમણા હાથમાં થભાની ઉપર ફ્રેકચર થયેલ તેમજ ગળામાં વાંસળી તુટી ગયેલી અને શરીરે નાની મોટી ઈજાઓ થયેલી તથા તેમની સાથે બેસેલ શાંતાબેન અને કાંત્નીભાઈને પણ શરીરે ઈજાઓ થયેલી અને રીક્ષાના ચાલક નરેન્દ્રસિંહ ને શરીરે ગંભીર ઈજાઓ થતાં નરેન્દ્રસિંહ સ્થળ ઉપર મરણ ગયેલા. તેઓને ઈજાઓ થયેલ હોય તેઓ, કાંન્તીભાઈ તથા શાંતાબેન ૧૦૮ ગાડીમાં બેસી બાલાસિનોર કે.એમ.જી. હોસ્પીટલમાં સારવાર માટે ગયેલા. તેઓ કે.એમ.જી. હોસ્પીટલમાં સારવાર કરાવેલી અને વધુ સારવાર બાલાસિનોર ખાનગી દવાખાનામાં કરાવેલી જયાં તેમનુ ઓપરેશન કરેલુ. તેઓ બેઠેલા તે સી.એન.જી. રીક્ષાનો નં.જીજે.૦૬.એડબલ્યુ.૧૧૯૫ નો હતો અને ઈકો ગાડી

નજીકમાં પડેલ હતી તેનો નંબર જોયેલો તો તે જીજે ૧૭. બીએચ. ૦૪૦૭ નો હતો. અકસ્માત બાબતે ફરીયાદ થતાં પોલીસે તેમનો જવાબ લીધેલો. અકસ્માત કરનાર ઈકો ગાડીનો ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી કે તેઓએ પાછળથી પણ જાણેલ નહી.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત અચાનક થયેલ હોય બનાવ કેવી રીતે થયેલ તે તેઓ કહી શકે નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ વાહનનો નંબર જાણતા નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત વખતે તેમની રીક્ષામાં પાંચ થી છ માણસો બેસેલ હતા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળી રીક્ષામાં બેસેલ પેસેન્જરોને અલગ અલગ ગામે ઉતારતા ઉતારતા બાલાસિનોર આવે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વાળી જગ્યાનો રસ્તો ઘણા બધા વાહનોની અવર જવર થાય છે અને ત્યા ઘણા બધા રોડની બાજુમા મકાનો આવેલા છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, લીમડી ગામ આવતા અને વિરપુર સાઈડ જતા મોટો વળાંક આવેલ છે. અકસ્માત વખતે ઈકો ગાડી કોણ ચલાવતુ હતુ તે તેઓને ખબર નથી કે તેઓએ જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત સમયે અચાનક ધડાકો થતાં તેઓ બેભાન થઈ ગયેલ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, વાહન ડ્રાઈવર ચલાવતા હોય કોની ભુલના કારણે અને કેવી રીતે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૩) ત્યારબાદ આ કામે આંક–૧૪ થી સાહેદ શાંતાબેન હીરાભાઈ બારીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદવાળો બનાવ ફેબ્રુઆરી ૨૦૨૦ માં દેવ ચોકડીથી આગળ લીમડી પુલ પહેલા બપોરે આશરે ચાર એક વાગે બનેલો. બનાવના રોજ તેઓ તથા તેમની સાથે કાંન્તીભાઈ તથા સંગીતાબેન કડાછલા બસ સ્ટેશનથી બાલાસિનોર થી આવવા માટે તેમના ગામના નરેન્દ્રસિંહની રીક્ષામાં બેસી બાલાસિનોર આવતા

હતા અને આ રીક્ષા નરેન્દ્રસિંહ ચલાવતા હતા તે દરમ્યાન લીમડી પાટીયા નજીક એક ઈકો ગાડી સામેથી આવી તેઓ બેઠેલા તે રીક્ષાને ટકકર મારી અકસ્માત કરેલો આ અકસ્માતમાં તેઓને બંને હાથે પંજા ઉપર ગંભીર પ્રકારની ઈજા થયેલી જેથી તેમના હાથેથી કઈ કામ થઈ શકતુ નથી. તેઓને અકસ્માતમાં કમ્મરમાં તથા ઢીંચણ ઉપર ઈજાઓ થયેલી તથા તેમની સાથે બેસેલ સંગીતાબેન અને કાંન્તીભાઈને પણ શરીરે ઈજાઓ થયેલી અને રીક્ષાના ચાલક નરેન્દ્રસિંહને શરીરે ગંભીર ઈજાઓ થતા નરેન્દ્રસિંહ સ્થળ ઉપર મરણ ગયેલા. તેઓને ઈજાઓ થયેલ હોય તેઓ, કાંન્તીભાઈ તથા સંગીતાબેન ૧૦૮ ગાડીમાં બેસી બાલાસિનોર કે.એમ.જી. હોસ્પીટલમાં સારવાર માટે ગયેલા. તેઓ કે.એમ.જી. હોસ્પીટલમાં સારવાર કરાવેલી અને વધુ સારવાર બાલાસિનોર ખાનગી દવાખાનામાં કરાવેલી. તેઓ બેઠેલા તે સી.એન.જી. રીક્ષાનો નં. જી.જે. ૦૬ એડબલ્યુ. ૧૧૯૫ નો હતો અને ઈકો ગાડી નજીકમા પડેલ હતી તેનો નંબર જોયેલ તો તે જી.જે. ૧૭ બી.એચ. ૦૪૦૭ નો હતો. અકસ્માત બાબતે ફરીયાદ થતા પોલીસે તેમનો જવાબ લીધેલો. અકસ્માત કરનાર ઈકો ગાડીનો ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી કે તેઓએ પાછળથી પણ જાણેલ નહી.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત અચાનક થયેલ હોય બનાવ કેવી રીતે થયેલ તે તેઓ કહી શકે નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ વાહનનો નંબર જાણતા નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત વખતે તેમની રીક્ષામાં પાંચ થી છ માણસો બેસેલ હતા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળી રીક્ષામાં બેસેલ પેસેન્જરોને અલગ અલગ ગામે ઉતારતા ઉતારતા બાલાસિનોર આવે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વાળી જગ્યાનો રસ્તો ઘણા બધા વાહનોની અવર જવર થાય છે અને ત્યા ઘણા બધા રોડની બાજુમા મકાનો આવેલા છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, લીમડી ગામ

આવતા અને વિરપુર સાઈડ જતા મોટો વળાંક આવેલ છે. અકસ્માત વખતે ઈકો ગાડી કોણ ચલાવતુ હતુ તે તેઓને ખબર નથી કે તેઓએ જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત સમયે અચાનક ધડાકો થતાં તેઓ બેભાન થઈ ગયેલ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, વાહન ડ્રાઈવર ચલાવતા હોય કોની ભુલના કારણે અને કેવી રીતે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચ સાહેદ કાળીદાસ રઘાભાઈ પ્રજાપતિ તથા આંક–રર થી તપાસેલા પંચ સાહેદ વિપુલસિંહ લક્ષ્મણસિંહ ચાવડાનાઓ કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર પંચ સાહેદોને ફરી ગયેલા પંચ સાહેદો તરીકે જાહેર કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપતા ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવામા આવતા ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર પંચ સાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, તૈયાર લખેલ પંચનામામા તેઓએ ફકત સહી કરેલી.વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસને તેઓએ કાંઈ લખાવેલ નહી.

(૧૫) ત્યારબાદ આ કામે આંક–૩૦ થી સાહેદ જગતસિંહ પ્રતાપસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ રીક્ષા ચલાવે છે. ગુજરનાર નરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ તેમના ગામના હતા અને નરેન્દ્રસિંહ પણ રીક્ષા ચલાવતા હતા. અકસ્માતવાળો બનાવ ફેબ્રુઆરી–ર૦રર માં બાલાસિનોર તાલુકાના લીમડી પાટીયા નજીક બપોરે સાડા ત્રણથી ચાર વાગ્યે બનેલો. બનાવના રોજ તેઓ તેમની રીક્ષા લઈને બાલાસિનોરથી કડાછલા જતા હતા અને નરેન્દ્રસિંહ

પોતાની રીક્ષા લઈને બાલાસિનોર તરફ જતા હતા. આ દરમ્યાન નરેન્દ્રસિંહની રીક્ષાને એક ઈકો ગાડીથી અકસ્માત થયેલો. જેથી તેઓ તેમની રીક્ષા સાઈડમાં ઉભી કરી અકસ્માતવાળી જગ્યાએ ગયેલ આ દરમ્યાન નજીકમાંથી બીજા માણસો પણ આવી ગયેલા. અકસ્માતવાળી જગ્યાએ જઈ તેઓએ જોયેલ તો નરેન્દ્રસિંહની રીક્ષાને નુકશાન થયેલ હતુ અને નરેન્દ્રસિંહને શરીરે ગંભીર ઈજાઓ થતા નરેન્દ્રસિંહ સ્થળ ઉપર ગુજરી ગયેલા. નરેન્દ્રસિંહની રીક્ષામાં બેઠેલ બીજા પેસેન્જરોને પણ નાની મોટી ઈજાઓ થયેલી હતી. અકસ્માત બાબતે ફરીયાદ થતા પોલીસે તેમનો જવાબ લીધેલો. અકસ્માત કરનાર ઈકો ગાડી સ્થળ ઉપર પડેલી પણ તેનો નંબર તેઓને ખબર નથી. અકસ્માત કરનાર ઈકો ગાડીનો ચાલક સ્થળ ઉપરથી ભાગી ગયેલ. અકસ્માત કરનાર ઈકો ગાડીના ચાલક ને તેઓ જોયે ઓળખી શકે નહી કે ઈકો ગાડીનો ચાલક કોણ હતો તે તેઓએ પાછળથી પણ જાણેલ નહી.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપતા ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવામા આવતા તેમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળો બનાવ તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ બનેલો.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ રીક્ષા ડ્રાઈવીંગ કરે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કડાછલાથી બાલાસિનોર દિવસ દરમ્યાન બે ફેરા મારે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત તેઓએ નજરો નજર જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ કોની ભુલ કે ગફલતના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી. વધુમાં એ

હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળી જગ્યાએ આજુબાજુ ઘણા બધા મકાનો તથા દુકાનો આવેલી છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળી જગ્યાએ ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળો રોડ સીંગલ પટ્ટી રોડ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માત કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ અકસ્માત કરનાર વાહન કે તેના ચાલકને તેઓએ જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ તે સિવાય કંઈ પુછેલુ નહી.

(૧૬) ત્યારબાદ આ કામે આંક–૩૪ થી તપાસ કરનાર મિત્તલ કિરીટભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે સને ૨૦૨૦ ના વર્ષમાં તેઓ બાલાસિનોર પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તા.૧૩/૦૨/૨૦૨૦ ના રોજ બાલાસિનોર પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના ચાર્જમાં અ.હે.કો. પ્રેમીલાબેન રૂપાભાઈનાઓ હાજર હતા. પ્રેમીલાબેન દશરથસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ, રહે. કડાછલા, તા.લુણાવાડાનાઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લઈ ઈકો ગાડી નં. જી.જે. ૧૭ બી.એચ.૦૪૦૭ ના ચાલક સામે બાલાસિનોર પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં.૭૩/૨૦૨૦, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪(એ), ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૩૪, ૧૮૪ મુજબ ગુનો રજી. કરી આગળની તપાસ તેઓને સોંપેલી. તેઓને તપાસ સોંપ્યા અંગેનુ સુચીપત્ર આંક–૩૫ થી રજુ કરવામા આવેલ છે. સદર કામે તેઓને આંક–૦૯ વાળી ફરીયાદ બતાવવામા આવે છે જે તપાસના કામે મળેલ તે જ છે. સદર કામે તેઓએ તપાસ સંભાળી ગુનાવાળી જગ્યા મોજે લીમડી ગામ બસ સ્ટેશન નજીક હાઈવે રોડ ઉપર જઈ પંચો રુબરુ અકસ્માતવાળી જગ્યાનુ પંચોના લખાવ્યા

મુજબ પંચનામુ લખેલુ. અકસ્માતવાળી જગ્યાએ એક રીક્ષા નં. જી.જે. ૦૬ એડબલ્યુ. ૧૧૯૫ ની પડેલ હતી અને થોડે દુર મારૂતી ઈકો ગાડી નં. જી.જે. ૧૭ બી.એચ. ૦૪૦૭ ની પડેલ હતી. સદર બંને વાહનોને નુકશાન થયેલ હતુ. તેઓને આંક–૧૯ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પંચોની તથા રુબરુ તરીકે કરેલ સહી તેમની છે જે જોયેથી ઓળખી બતાવેલ છે. સદર કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. સદર કામે વાહનની યાંત્રીક તપાસણી કરવા સારુ આર.ટી.ઓ. કચેરી લુણાવાડાને યાદી કરેલી જેમા તેમની સહી જોયેથી ઓળખી બતાવેલ હોય યાદી આંક–૩૬ થી રજુ રાખવામા આવેલ છે. સદર કામે આર.ટી.ઓ. લુણાવાડા તરફથી એકસીડેન્ટ રીપોર્ટ રજુ કરેલો જેમા આર.ટી.ઓ. ઓફીસરની સહી તથા સીકકો જોયેથી ઓળખી બતાવેલ હોય આંક–૩૭ થી રજુ રાખવામા આવેલ છે. સદર કામે કે.એમ.જી. હોસ્પિટલ બાલાસિનોર તરફથી પી.એસ.ઓ.ને ટેલીફોનીક વર્ધી લખાવેલી જે આંક–૩૮ થી રજુ રાખવામા આવેલ છે. સદર કામે તેમની તપાસમા ઈકો ગાડીના ચાલક નટવરભાઈ સાલમભાઈ પરમારનાઓએ પોતાની ઈકો ગાડી પુરઝડપે અને બેફીકરાઈ ગફલતભરી રીતે હંકારી સાહેદોને ઈજા પહોંચાડી તથા નરેન્દ્રસિંહને ઈજા કરી સ્થળ ઉપર મોત નીપજાવી પોતાનુ વાહન સ્થળ ઉપર મુકીને નાસી જઈ ગુનો કરેલ. સદર કામે અકસ્માત કરનાર નટવરભાઈ સાલમભાઈ પરમાર, રહે. નરસાણા, તા.શહેરા, જી. પંચમહાલનાઓને તપાસના કામે બોલાવી નામદાર કોર્ટમાં હાજર રહેવા સારુ જામીન લઈ જવા દીધેલા. સદર કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયે ઓળખી શકે. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

જયારે આ તપાસ કરનાર અમલદારની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યા હાઈવે રોડ છે અને ત્યાં પીકઅપ સ્ટેન્ડ આવેલ છે. વધુમાં એ હકીકત

કબુલ રાખેલ છે કે, લુણાવાડા બાજુથી આવતા બનાવવાળી જગ્યાએ મોટો વળાંક પડે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પંચોને પોલીસે બોલાવેલા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પંચોના માણસો કોણ કોણ હતા તેનો તેઓને ખ્યાલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, સાહેદ નં.૬ થી ૧૧ કડાછલા ગામના અને એક જ સમાજના અને એક જ જાતીના છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પેસેન્જર રીક્ષામાં ત્રણ પેસેન્જર બેસાડવાની પરમીશન હોય છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની તપાસમાં રીક્ષામાં કેટલા પેસેન્જર હતા તે તેઓને હાલ યાદ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, રીક્ષામાં ત્રણ થી વધારે પેસેન્જરો હતા કે કેમ તેની તેઓને ખબર નથી.

(૧૭) વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,

> (A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving

of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે....
Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:
(i) Rash and negligent driving or riding on a public way.
(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.
For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveys the idea of reckless doing of an act without consideration of any consequences.

(૧૮) આમ, આ કામે ઉપરોકત તપાસવામાં આવેલ તમામ ફરીયાદી તથા સાહેદોની જુબાનીનું એકસાથે જો પુરાવાકીય મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં ફરીયાદી તથા સાહેદો તેમની સોગંદપરની જુબાનીમાં ફરીયાદવાળો બનાવ બનેલાની હકીકત તેમની સરતપાસમાં

જણાવે છે પરંતુ બનાવ કેવી રીતે બનવા પામેલ તથા બનાવ સમયે સદર બનાવવાળા વાહનની ઝડપ શી હતી તથા સદર વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હોય તેવી કોઈ હકીકતો સદર ફરીયાદી તથા સદર કામે તપાસવામાં આવેલા સાહેદોની જુબાની પરથી જણાઈ આવતુ નથી. વધુમાં ફરીયાદી તથા સાહેદ ભાવનાબેન નરેન્દ્રસિંહ ચૌહાણને આંક-૧૦ થી તપાસેલા છે તેઓએ પોતાની સરતપાસમાં અકસ્માત કરનાર વાહનનો નંબર જી.જે. ૧૭ બી.એચ. ૦૪૦૭ જણાવેલ છે પરંતુ ઉલટતપાસમા સદર ફરીયાદી તથા સાહેદે બનાવ નજરે નજર જોયેલ ન હોવાની હકીકત કબુલ કરતા હોય ત્યારે આ વાહન આ કામના આરોપી જ ચલાવતા હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી.વધુમાં આંક-૧૨ થી તપાસેલા ઈજા પામનાર સાહોદ બારીયા કાન્તીભાઈ મગનભાઈ પોતે બનાવવાળા સ્થળે હાજર હતા તથા બનાવમાં ઈજા પામનાર સાહેદ હોવા છતાં બનાવ કેવી રીતે બનવા પામેલ તથા બનાવ કોની ભુલના કારણે બનેલ તેવી કોઈ હકીકત જણાવેલ ન હોય જેથી સદર આરોપી જ બનાવવાળુ વાહન ચલાવતો હોય તેવુ સદર સાહેદની જુબાની પરથી જણાઈ આવતુ નથી. વધુમાં સદર કામે આંક-૧૩ થી તપાસેલા સાહેદ બારીયા સંગીતાબેન જશુભાઈ તથા આંક-૧૪ થી તપાસેલા સાહેદ બારીયા શાંતાબેન હીરાભાઈનાઓ જી.જે. ૧ ૭ બી.એચ. ૦૪૦૭ નાએ અકસ્માત કરેલાની હકીકત જણાવે છે પરંતુ આ વાહન આ કામના આરોપી જ ચલાવતા હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. વધુમાં સદર કામે ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો તૈયાર પંચનામામા સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત જણાવતા ન હોય સદર પંચ સાહેદોની જુબાની પરથી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. વધુમાં ત.ક.અમલદાર કે જેઓએ તેમની ફરજને અનુરૂપ કામગીરી કરેલ હોવા અંગેનો પુરાવો આપેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદારે પોતાની તપાસમાં કોઈ બનાવ વખતના સી.સી.ટી.વી. ફુટેજ મેળવીને રજુ કરેલા નથી જેથી વાહન

આરોપી ચલાવતો હોવાનું માની શકાય નહી તેમજ વાહન આરોપી જ ચલાવતા હતા તેવો પણ પુરાવો તપાસ કરનાર અમલદારની જુબાનીમાં મળતો નથી. વધુમાં તપાસ કરનાર અમલદારે બનાવવાળી જગ્યા જોવામાં આવે તો લીમડી સ્ટેશન નજીક હાઈવે રોડ ઉપર બનેલ છે ત્યારે સદર બનાવવાળુ વાહન આરોપી પુરઝડપે હંકારેલ હોય તે દર્શાવતો આધાર પુરાવો સદર કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા મેળવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. ત્યારે આરોપી જ સદર બનાવ વખતે બનાવવાળુ વાહન પુરઝડપે ચલાવી લાવી સદર બનાવ બનેલ હોય તે હકીકત પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. **વળી, નામદાર વડી અદાલતે સ્ટેટ ઓફ હરીયાણા વિ. શેરસિંઘ– એ.આઈ.આર. ૨૦૦૯(એસ.સી.) ૮૨૩ ના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આરોપી ડ્રાયવીંગ કરતો હોવાનુ પુરવાર ન થતા નિર્દોષ છુટવાને હકકદાર ઠરે તેમ ઠરાવવામા આવેલ.** તે સિધ્ધાંતને ધ્યાને રાખી જે પુરાવો રજુ થયેલ છે તેમા ડ્રાયવરની ઓળખ થયેલ નથી અને ફરીયાદી તથા સાહેદોએ હાલનો આરોપી જ અકસ્માત કરનાર વાહન ચલાવતો હતો તેવો પુરાવો આપેલ નથી. જેથી આ કામનાં આરોપીની બેદરકારી અને નિષ્કાળજીને કારણે જ કહેવાતો અકસ્માતનો બનાવ બનેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

(૧૯) આમ, ઉપર મુજબ રજુ થયેલ પુરાવાઓ જોતાં, સદરહું કેસમાં ફરીયાદપક્ષે મુકેલા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં આ કામના આરોપીએ ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧ ૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

# –:: હુ ક મ ::–

- આ કામનાં આરોપી નટવરભાઈ સાલમભાઈ પરમાર, રહે. નરસાણા, તા.શહેરા, જી.પંચમહાલનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ ૨૫૫(૧) અન્વયે ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયે અપીલ અદાલતમાં હાજર રહેવાની બાંહેધરી પેટેના સધ્ધર જાત જામીન તેમજ મુચરકા આરોપીએ રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

**(બકુલકુમાર નટવરલાલ દવે)**
**એડી. ચીફ જ્યુડી. મેજી.,**
**બાલાસિનોર–મહીસાગર,**
**જજ કોડ–જી.જે.૦૧૨૭૨**

**તા.૦૩–૦૭–૨૦૨૬**
**સ્થળ–બાલાસિનોર.**

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડયા//